ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૭ ટકા ● સાંજે ૮૮ ટકા

# આજે શહેરના પાદરે ઉજવાશે 'ધરો આઠમ'

## ભાદરવા સુદ આઠમ નિમિત્તે ધરોની પૂજા અર્ચના કરવાનું મહત્વ

ગાંધીનગર, તા.૧૩

ધરો આઠમ વ્રત ભાદરવા સુદ આઠમના રોજ ઉજવવામાં આવે છે. ધરો એટલે કે ધરતી પર જે નાના નાના લીલા લીલા જે છોડ ઉગે છે તે ખળ ઉગે છે એ ખળનું પૂજન છે. જેને ધરો કહેવાય છે. આમ જોવા જઈએ તો ધરતી માતાનું જ પૂજન થાય છે આ દિવસને ધરો આઠમ કહેવાય છે. આ લીલા ઘાસની પૂજા કરવામાં આવે છે. આ વ્રત ખાસ કરીને બહેનો દ્વારા કરવામાં આવે છે. વ્રત કરનાર બહેનો પૂજા કરે છે કે 'હે ધરો માતા ધરોની જેમ અમારો વંશ વધે એવી કૃપા કરજો અને અમારા સંતાનોને લાંબુ આયુષ્ય આપજો.' વ્રત કરનારને ઠંડુ ભોજન અને કુલેરનો પ્રસાદ લેવાનો હોય છે. આ વ્રત સંતાનોના કલ્યાણ માટે બહેનો કરે છે. ધરતીમાતાનું ઋણ ઉતારવા



માટે પણ આ વ્રત છે.ધરો જ એક એવું લીલું ઘાસ છે જે આપ મેળે ઉગે છે તેને કોઈ ઉગાડતું નથી. પાણી હોય કે ન હોય ધરતીમાતા ઉપર ઉગી નીકળે છે.

ધરો આઠમનું વ્રત કરવામાં આવે તો ધરતીમાતા પોતાના વહાલસોયા સંતાનોની રક્ષા અવશ્ય કરે છે. શાસ્ત્રોમાં પાંચ ઋણ બતાવ્યા છે. માતાનું ઋણ, પિતાનું ઋણ, ધરતી માતાનું ઋણ, ગુરુનું ઋણ અને ધર્મનું ઋણ. માતાનું ઋણ ચુકવવા માટે કન્યાદાન કરવું જોઈએ. પિતાનું ઋણ ચુકવવા માટે સંતાન ઉત્પત્તિ કરવી જોઈએ. ગુરુનું ઋણ ચુકવવા માટે બધાને શિક્ષિત કરવા જોઈએ, ધર્મનું ઋણ ચુકવવા માટે ધર્મનો પ્રચાર સનાતન ધર્મનો પ્રચાર કરવો જોઈએ. ધરતીનું ઋણ ચુકવવા માટે ખેતી કરવી જોઈએ અને વૃક્ષો ઉગાડવા જોઈએ. ધરતી માતાનું ઋણ ચુકવવા માટે આજે ધરો આઠમનું વ્રત કરવામાં આવે છે. નાગલા, ચૂંદડી, કંકુ, પ્રસાદ, દિવો, ફૂલો, ચોખા અને જળ ચઢાવવાનું હોય છે અને ધરતી માતાનું પૂજન કરવામાં આવે છે. ધરતી માતાની ક્ષમા માંગવામાં આવે છે. કારણકે અમે તારી ઉપર પગ મુકીએ છીએ તેથી ક્ષમા માંગીને પૂજા કરવામાં આવે છે.

## સમર્પણ સ્કૂલ ઓફ લૉમાં નિઃશુલ્ક સહાય કેન્દ્રનું ઉદઘાટન




ગાંધીનગર, તા.૧૩

સમર્પણ એજયુકેશન એન્ડ રીસર્ચ કેમ્પસમાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સહયોગથી સમર્પણ સ્કૂલ ઓફ લૉમાં નિઃશુલ્ક કાનૂની સહાય કેન્દ્રનું ઉદઘાટન કરાયું હતું. દરેક નાગરિકને નિઃશુલ્ક ન્યાય મળી રહે તેવા હેતુથી ઉદઘાટન કર્યું હતું. જેમાં નીયા સી. રાવલ (પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ), એચ.વી. જોશી (પ્રિન્સીપાલ સીનીયર સિવિલ જજ), એમ.જે. બિહોલા (ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ), વી.એસ. ગઢવી (સેક્રેટરી ડી.એલ.એસ.એ) ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા, ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા, કેમ્પસ રજીસ્ટ્રાર ડૉ. એમ.ડી. પાંડે, પ્રિન્સીપાલ ડૉ. પી.કે. પંડયા તેમજ અધ્યાપકો હાજર રહ્યા હતા. આ નિઃશુલ્ક કાનુની સહાય કેન્દ્ર દર બુધવારે સવારે ૧૧ થી ૩ કલાક સુધી જાહેર જનતા માટે ખુલ્લું રહેશે.

## સિવિલ ખાતે ડોકટર્સ દ્વારા ગણેશજીની પૂજા અર્ચના




ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલના તાત્કાલીક વિભાગ ખાતે ડૉકટર્સ અને સ્ટાફના કર્મચારીઓ દ્વારા સવાર સાંજ ભગવાન ગણેશજીની વિશેષ પૂજા અર્ચના કરવામાં આવે છે ત્યારે ગતરોજ ડૉ. દિનકર ગોસ્વામી દ્વારા દુંદાળા દેવની પૂજા કરી આરતી ઉતારી હતી. આ પ્રસંગે ડેપ્યુટી આરએમઓ ડૉ. કલ્પેશ જશપરા, નર્સિંગ સ્ટાફ, ખાનગી એજન્સીના કર્મચારીઓ સહિત નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી અંતર્ગત ફિટ ઈન્ડિયા ફ્રીડમ રન ૨.૦માં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ જોડાયા




ગાંધીનગર, તા.૧૩

ગુજરાત રાજય સરકાર દ્વારા આયોજિત આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી અંતર્ગત જિલ્લા કક્ષાનો 'ફીટ ઈન્ડિયા ફ્રીડમ રન ૨.૦' આયોજિત થયો હતો. જેમાં વિદ્યાનિકેતન વિભાગ તથા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના એન.એસ.એસ. સ્વયંસેવકોએ ભાગ લીધો હતો. નહેરુ યુવા કેન્દ્ર દ્વારા આયોજીત ફ્રીડમ રનનો પ્રારંભ મુખ્ય મહેમાન જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્ય દ્વારા કરાવવામાં આવ્યો હતો. તેઓએ જણાવ્યું હતુ કે નિયમિત યોગ અને કસરત કરવાથી રોગપ્રતિકારક શકિતમાં વધારો થાય છે. જેનાથી સામાન્ય બિમારીઓ થતિ જ નથી તથા આપણા દેશની મોંઘેરી આઝાદીની મહત્તા વિષે પણ જાણકારી આપી હતી.

'ફીડ ઈન્ડિયા ફ્રીડમ રન ૨.૦' રનનું આયોજન શનિવારે કરવામાં આવ્યું હતું. ડૉ. કુલદીપ આર્યએ દોડનો નગરના સે-૨૩ સ્વામિનારાયણ ગુરુકુળથી પ્રારંભ કરાવ્યો હતો. આ દોડ ઘ-૫, ચ-૫, સે-૧૯ સર્કલ થઈને સરકીટ હાઉસ ખાતે પૂર્ણ થઈ હતી. આ કાર્યક્રમમાં નહેરુ યુવા કેન્દ્રના ગાંધીનગર રાજય નિર્દેશક મનિષા શાહ, નેહરુ યુવા કેન્દ્રના જિલ્લા યુવા અધિકારી ભારતી મોંગરા ઉપસ્થિત રહ્યા હતા. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી વતી સમગ્ર કાર્યક્રમનું આયોજન વિદ્યાનિકેતન વિભાગના કર્મચારી ડૉ. શિલ્પા વાળાએ કર્યું હતું.



શહેરના સેકટર-૭ સુવિધા કચેરીના પાછળના ભાગે રામાપીરનું મંદિર આવેલું છે. નેજા ચઢાવવાના હોવાથી ભકતો દ્વારા વરઘોડો નીકળ્યો હતો. ડીજેના તાલે ભકતો ઝુમી ઉઠયા હતા. આ પ્રસંગે સે-૭ શોપીંગ સેન્ટર ખાતે અનોખુ ધાર્મિક વાતાવરણ સર્જાયું હતું. આ ભકિતમય વાતાવરણમાં રામાપીર મંદિરે ભકતો ધજારોહણ કરતા નજરે પડે છે.

## દિગ્વિજય દિન નિમિત્તે મહાનગર ભાજપા અનુસૂચિત જાતિ મોરચા દ્વારા યુવા સવાંદ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, ૧૧ સપ્ટેમ્બર ૧૮૯૩ના રોજ અમેરિકાના શિકાગોમાં યોજાયેલ વિશ્વ ધર્મ સંમેલનમાં પૂજ્ય સ્વામી વિવેકાનંદજીએ કરેલ એતિહાસિક ભાષણમાં ભારતીય સંસ્કૃતિ અને હિંદુ ધર્મ વિશે સમગ્ર વિશ્વને વાકેફ કર્યો હતો તેની સ્મૃતિરૂપે આ દિવસને દિગ્વિજય દિન તરીકે ઉજવાય છે ત્યારે ૧૧/૦૯/૨૦૨૧ના રોજ સ્વામી વિવેકાનંદ પબ્લિક સ્કૂલ, સેકટર-૨૪ ખાતે પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખશ્રી ડો. પ્રદ્યુમ્ન વાજાની સૂચના અને મહાનગર ભાજપા પ્રમુખશ્રી ઋચિર ભટ્ટના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર મહાનગર ભાજપા અનુસૂચિત જાતિ મોરચા દ્વારા યુવા સવાંદ કાર્યક્રમ અનુસૂચિત જાતિ મોરચાના પ્રદેશ મહામંત્રીશ્રી ગૌતમભાઈ ગેડીયાજીની અધ્યક્ષતામાં તેમજ પ્રદેશ અનુસૂચિત જાતિ મોરચાના મંત્રી અને ગાંધીનગર મહાનગરના ભાજપ અનુસૂચિત જાતિ મોરચાના પ્રભારી શ્રી નરેન્દ્રભાઈ પરમારની ઉપસ્થિતિમાં યોજાયો હતો. જેમાં મહાનગર અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખશ્રી વિરેન્દ્ર જાદવ, સંગઠનના હોદ્દેદારો, ભાજપાના ઉમેદવારશ્રીઓ સહિત હોદ્દેદારો, કાર્યકર્તાઓ અને સ્થાનિકો ઉપસ્થિત રહ્યા હતા.



## હિંદી વ્યુત્પત્તિ કોશની મુખ્ય સંપાદકીય સમિતિમાં ગાંધીનગરના ડૉ. કનૈયાલાલ ભટ્ટની નિયુકિત




ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરના જાણીતા સર્જક અને કોશકાર ડૉ. કનૈયાલાલ ભટ્ટની સાહિત્યિક અને રાષ્ટ્રીય સિધ્ધિમાં એક નવં છોગું ઉમેરાયું છે. ભારતમાં પહેલીવાર 'હિંદી વ્યુત્પત્તિ કોશ'નું નિર્માણ કાર્ય નિર્દેશાલય દ્વારા થઈ રહ્યું છે. આ વ્યુત્પત્તિ કોશની સંશોધન સંપાદન ટીમમાં વિશેષજ્ઞ તરીકે ડૉ.કનૈયાલાલ ભટ્ટની નિમણુંક સરકાર દ્વારા કરવામાં આવી છે. આ કોશમાં હિંદી અને સંસ્કૃત ભાષાના વરિષ્ઠ ભાષા વૈજ્ઞાનિકો તથા વિદ્વાન કોશકારો કાર્ય કરી રહ્યા હતા. જેમની સાથે ડૉ. ભટ્ટે વ્યુત્પત્તિ કોશનું નિર્માણ કાર્ય કરેલું છે. જેમાં હિંદી ભાષામાં વપરાતા એકાદ લાખ જેટલા શબ્દોની વ્યુત્પત્તિ શોધવાનું કાર્ય નવી દિલ્હી ખાતે પૂર્ણ થયું હતું. અગાઉ ડૉ. કનૈયાલાલ ભટ્ટે નિર્દેશાલય નવી દિલ્હી દ્વારા ભારતીય ભાષા કોશના નિર્માણમાં ગુજરાતી ભાષાના તજજ્ઞ તરીકે યોગની સેવા આપી ચુકયા છે. આમ આવા મહત્વના કોશ નિર્માણના કાર્યમાં ગુજરાતમાંથી ડૉ. ભટ્ટને સ્થાન મળ્યું તે ખૂબ ગૌરવની વાત છે.

## પી.કે. ચૌધરી કોલેજમાં 'રાષ્ટ્રીય પોષણ માસ'ની ઉજવણી




ગાંધીનગર, તા.૧૩

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં 'રાષ્ટ્રીય પોષણ માસ'ની ઉજવણી કરાવામાં આવી હતી. જેમાં કુકીંગ સ્પર્ધા યોજાઈ હતી. જેનો વિષય 'અનાજ કઠોળની પોષણયુકત વાનગી' હતો. જેમાં કોલેજના આચાર્ય ડૉ. એમ.એમ. ચૌધરી તેમજ નિર્ણાયક તરીકે ન્યુટ્રીશન એકસપર્ટ અને ડાયટીશન મૈત્રી વસાવડાએ કાર્યક્રમ કર્યો હતો. આ સ્પર્ધામાં ૨૫ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ સ્થાને ઝલ્લરી મહેતા, બીજા ક્રમે ઉર્વશી પરમાર, ત્રીજા ક્રમે નિધી સોની રહ્યા હતા. આ વિદ્યાર્થીનીઓને ઈનામ વિતરણ કરાયું હતું. ઉપરાંત ગૃહ વિજ્ઞાનની વિદ્યાર્થીનીઓ તથા અધ્યાપક દ્વારા સ્લમ એરિયામાં જીવનજરૂરી ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## એસ.એસ.વી. શાળામાં જીવવિજ્ઞાન લેબમાં વિદ્યાર્થીઓ દ્વારા પ્રયોગ



ગાંધીનગર, તા.૧૩

એસ.એસ.વી. શાળામાં જીવવિજ્ઞાન લેબમાં પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા પ્રયોગ કરવામાં આવ્યા હતા. કોરોનામાં લાંબા ટાઈમ સુધી ઘરે થી અભ્યાસ કરી રહેલા બાળકોને સરકારી ગાઈડ લાઈન મુજબ અનુક્રમે ધોરણ ૯ થી ૧૨ તેમજ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓને શાળા માં આવીને અભ્યાસ કરવાની મંજૂરી મળી ગઈ છે. તે મુજબ એસ.એસ.વી કેમ્પસમાં વિદ્યાર્થીઓ શાળામાં આવીને શિક્ષક પાસેથી રેગ્યુલર અભ્યાસ કરવા લાગ્યા છે. જેમાં વાલીઓએ પણ પોતાની મંજૂરી આપી છે. આજે ધોરણ-૬ ના વિદ્યાર્થીઓ એ જીવવિજ્ઞાનની લેબમાં જઈ વિજ્ઞાન શિક્ષકની હાજરીમાં પોતાની જાતે માઈક્રોસ્કોપની મદદથી ફૂલોના ભાગો તથા તેના બંધારણ વિષે સમજ મેળવી હતી.

## ફોટોગ્રાફર એસોસિએશન દ્વારા ૩૬૦ ફોટોગ્રાફી એન્ડ વિડિયોગ્રાફી વર્કશોપનું આયોજન




ગાંધીનગર, તા.૧૩

ફોટોગ્રાફર એસોસિએશન ગાંધીનગર દ્વારા ૩૬૦ ફોટોગ્રાફી એન્ડ વિડિયો વર્કશોપનું આયોજન કરવામાં આવ્યુંહતું. ૩૬૦ ફોટોગ્રાફી એન્ડ વિડિયો એ નવી ટેકનોલોજી છે. આ નવી ટેકનોલોજીને શીખવા અને સમજવા માટે ગાંધીનગર ફોટોગ્રાફર એસોસિએશન દ્વારા પહેલીવાર વર્કશોપનું આયોજન કરાયું હતું. જેમાં રોટોકયુલરનાં દિવ્યકાંતભાઈ બ્રહ્મક્ષત્રિય દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં લોટસ ફોટોબુકના દશરથભાઈ ગીતા ફોટોગૂડસ અમદાવાદના કિશનભાઈ સુદ, ચંદ્ર ફોટો સ્ટુડિયોના એસ.એન. શર્મા, શ્રીનાથજી લાઈવનાં જયંતિભાઈ પટેલ, વાસ્તુ ડિજિટલના વસીમભાઈ કાદરીનું અમુલ્ય યોગદાન રહ્યું હતું.

## ગોકુળપુરામાં 'આપ'ના વિજય સુંવાળાની સભામાં જનમેદની ઉમટી

ગાંધીનગર, તા.૧૩

રવિવારે સાંજે મનપાના વોર્ડ નં.૬ ખાતે ગોકુલપુરામાં આમ આદમી પાર્ટીની ચુંટણી સભા યોજાઈ હતી જેમાં જાણીતા લોકગાયક કલાકાર વિજય સુંવાળા અને આંદોલનકારી નેતા પ્રવિણ રામ ઉપસ્થિત રહ્યાં હતા. આ 'આપ'ના આ બંને નેતાઓને સાંભળવા આશરે ૭૦૦થી વધુ મતદારોની હકડેઠઠ જનમેદની ઉમટી પડી હતી અને તેમને ધીરજપૂર્વક સાંભળ્યા હતા. આ સાથે ઉપસ્થિત 'આપ'ના વોર્ડ નં.૬ના સ્થાનિક ઉમેદવારો સાથે મળીને બંને નેતાઓએ ગોકુળપુરાના આંતરિક વિસ્તારોની મુલાકાત પણ લઈને નાગરિકોની સમસ્યાઓ સમજવા પ્રયાસ કર્યો હતો.



## વિધ્નેશ્વરી પરિવાર માણસા દ્વારા ૧૭મીએ સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગર, તા.૧૩

ગુજરાતના પનોતા પુત્ર અને ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિને શુક્રવારના રોજ માણસા ખાતે શ્રી વિધ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરિત આનંદી માંનો વડલો અને માં પાલઈ વિધ્નેશ્વરી ધામ ખાતે તેઓના નિરામય જીવન માટે સુંદરકાંડના પાઠનું આયોજન કરેલ છે. અમદાવાદના સુપ્રસિધ્ધ સાધક પ. પૂજય ધવલકુમારની વ્યાસ પીઠે બપોરે ૩.૦૦ થી ૫.૦૦ કલાક દરમિયાન આ કાર્યક્રમ યોજાશે. ઉપરાંત તારીખ ૧૮ થી ૨૬ નવ દિવસ દરમિયાન ભગવાન રામની રામકથાનું આયોજન રાખવામાં આવેલ છે. જેનું જીવંત પ્રસારણ જીટીપીએલની ચેનલ નં. ૫૫૪ પરથી કરવામાં આવશે. દરરોજ બપોરના ૩ થી ૭ કલાક દરમિયાન રામકથા કરવામાં આવશે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. ઠાકોર મંગુબેન ડાહ્યાજી,** ઉ.વ. ૭૪, જેઠીપુરા
- **સ્વ. પટેલ વિમળાબેન રણછોડભાઈ,** ઉ.વ. ૭૬, વાવોલ
- **સ્વ. પરમાર ભીખાભાઈ મગનભાઈ,** ઉ.વ. ૬૨, રૂપાલ
- **સ્વ. પીઠડીયા ઉર્મિલાબેન ઝવેરીલાલ,** ઉ.વ. ૭૬, સેકટર-૭

## જન્મદિને વધામણી




**સૌમ્ય ભાવિન પટેલ**



**ચંદ્રકાન્ત મહેતા**
મો. ૯૪૨૭૦ ૦૫૦૧૯



**સતિશ પ્રજાપતિ**



**હરિસિંહ કે માજીરાણા**
મો. ૮૩૪૭૧ ૮૨૯૯૪



**પાર્થ**
મો. ૭૨૦૧૯૫૬૨૮૩



**રેયાંશ અનંત પટેલ**

## ગાંધીનગર જિલ્લા મંડપ એસોસિએશનની ૧૫મીએ બેઠક

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર જિલ્લા મંડપ હાયર્સ લાઈટ સાઉન્ડ એન્ડ ઈલેકટ્રીકલ એસોસીએશનના ઉપક્રમે ગાંધીનગર ખાતે ડેકોર ફાઉન્ડેશન ગાંધીનગર મંડપ એન્ડ ઈલેકટ્રીક એન્ડ કેટરર્સ હાયર્સ એસોસીએશન દ્વારા મિટીંગનું આયોજન કરવામાં આવેલ છે. શ્રી સ્વામિ સચ્ચિદાનંદ બ્રહ્મભવન સે-૧૬ ખાતે ૧૫મીના રોજ સવારે ૯.૦૦ કલાકે આ મીટીંગનું આયોજન કરાયું છે. પરિવાર સુરક્ષા યોજના અંતર્ગત આ મિટીંગનું આયોજન રાખવામાં આવેલ છે. જેમાં ગાંધીનગર સીટીના તમામ વેપારી મિત્રોને હાજર રહેવા જણાવાયું છે. પરિવાર સુરક્ષા યોજના જે ગુજરાત મંડપ એસોસિએશનના સભ્ય હોય લોકલ એસોસીએશનના સભ્ય હોય તેમના માટે વેપારીના મૃત્યુ પછી તેમના પરિવારને આર્થિક સહાય યોજનાનું આયોજન કરે છે. જેથી દરેક સભ્યોને સમયસર હાજર રહેવા પ્રમુખ વિનોદભાઈ ચાવડાએ જણાવ્યું છે.